ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

મનુષ્ય જીવનમાં જે કંઈ પણ કરે છે તે 'ખુશી' પામવા તો કરે છે : - ડો. ફારુક પટેલ (ચેરમેન - એમડી, કેપી ગૃપ)



શહેરના જાણીતા બિઝનેસમેન ડો. ફારુક પટેલ કેપી ગ્રુપના ચેરમેન - એમડી છે. ''પ્રામાણિકતાથી કહું તો ઈશ્વરે મને આ જન્મમાં પણ જે કંઈ આપ્યું છે તેનાથી હું બહુ ખુશ છું અને દરેક વસ્તુઓને હું પસંદ કરું છું. પૈસા, શાંતિ, સુંદરતા, બુદ્ધિ, સ્વાસ્થ્યની ઉપર 'ખુશી'નું જ પલડું ભારે કહેવાય. તમારી પાસે બધું જ હોય પણ ખુશી નહીં હોય તો જીવનમાં બેચેની રહે છે. અઢળક પૈસો-સંપત્તિ હોય પણ હેપ્પીનેસ ન હોય તો? પૈસો ઓછો હોય પણ સાથે ખુશી હોય તો દિલ-દિમાગને શાંતિ મળે છે. બુદ્ધિ હોય પણ ખુશી ન હોય તો ડિપ્રેસન મોડ આવી શકે છે અને બીજાથી ઈર્ષ્યા થશે. સુંદરતા હોય પણ તમે તેને અનુભવી ન શકો, ઈશ્વરનો આભાર ન માનો તો ખુશ ન રહી શકો અને ખુશ ન રહી શકો તો મનને પણ સુંદર ન બનાવી શકો. શરીર સુડોળ હોય, સ્વસ્થ હો પણ તેનાથી તમે સંતુષ્ટ ન હો તો સારી રીતે જીવન જીવી ન શકો. મનુષ્ય પોતાના જીવનમાં જે કંઈ પણ પ્રવૃત્તિ કરે છે તે અંતિમ તો ખુશ રહેવા માટે જ કરે છે! એટલે મારા મતે 'ખુશી' જ પ્રાથમિકતા રહે છે.''

